| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૧/૧૦/૧૯૯૨ | | |
| નોંધ્યા તારીખ | : | ૨૧/૧૦/૧૯૯૨ | | |
| ફેંસલ તારીખ | : | **૦૭/૦૧/૨૦૨૨** | | |
| ડ્યુરેશન | | વર્ષ | માસ | દિવસ |
| | | ૨૭ | ૦૨ | ૧૭ |

**મહે. બનાસકાંઠા જિલ્લાના છટ્ઠા એડીશનલ સેસન્સ જજ**
**શ્રી આર.પી. મોગેરા સાહેબની કોર્ટમાં**
**મુકામ : પાલનપુર**

**<u>સેસન્સ કેસ નંબર : ૧૦૨/૧૯૯૨</u>**

**આંક.**

**<u>ફરિયાદી</u> :–** શ્રી સરકાર

**<u>વિરૂધ્ધ</u>**

**<u>આરોપી</u> :–** **૧.** રાજુભાઇ રૂપાજી રાજપૂત ચૌહાણ
ઉ.વ. ૨૧, ધંધો – મજુરી,
રહે. ધરીયાવડી, કબુતર ખાના,
જિ. ઉદેપુર (રાજસ્થાન)

**તહોમત :–** ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩,૩૬૬ મુજબ.

**પાલનપુર શહેર પો.સ્ટે. ફસ્ટ ગુના રજી. નં. ૫૧/૯૨**

પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.કે. પુરોહીત
આરોપી તરફે કોઇ હાજર થયેલ નથી.

**–:: ઠ રા વ ::–**

(૧) આ કામના ફરિયાદી પરમાનંદ આસનદાસ બ્રહમક્ષત્રિય, રહે. પાલનપુર વસંત પેટ્રોલ પંપ સામે, હાઇવે નાઓએ આરોપી વિરૂધ્ધ તેમની સગીર

વયની પુત્રી ભોગ બનનાર ઉ.વ. ૧૭ નીને આરોપી ફોસલાવી લલચાવી લગ્ન કરવાના ઈરાદે તેના કાયદેસરના વાલીની સંમતિ વગર અપહરણ કરી લઈ ગયેલ હોવાની ફરિયાદ પાલનપુર શહેર પો.સ્ટે.માં આપતાં, ફરિયાદીની ફરિયાદ આધારે આરોપી વિરૂધ્ધ પાલનપુર શહેર ફસ્ટ ગુના રજી. નં. ૫૧/૯૨, ઈ.પી.કોડની કલમ ૩૬૩,૩૬૬ મુજબના ગુનાની ફરિયાદ નોંધવામાં આવેલ.

(૨) ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદીની દીકરી રાધબેન કે જેની જન્મ તારીખ ૨૭/૭/૭૪ ની છે અને બે ધોરણ સુધી ભણેલી છે, જે અવાર નવાર તેમની નજીકમાં રહેતી ચંન્દ્રીકાબેન પંજાબીના ઘરે જતી આવતી અને ચંન્દ્રીકાની બેનપણી હતી. તા. ૨૨/૦૨/૯૨ ના રોજ ફરિયાદી તેમની નોકરી પર સવારે ગેલા અને જૈન મંડપમાં હાજર હતા ત્યારે રાત્રીના સાડા નવ વાગ્યાના સુમારમાં તેમની મા લક્ષ્મીબેન ફરિયાદી પાસે આવેલ અને વાત કરેલ કે આપણી રાધા બપોરના ત્રણ વાગ્યાથી ઘેરથી નીકળી જતી રહેલ છે અને હજુ સુધી પાછી આવેલ નથી. તેવી વાત કરતાં ફરિયાદી તરતજ તેમના ઘરે જઈ તેમની ઔરત કમળા તથા છોકરા ગોપાલને પુછપરછ કરી તેઓ આજુબાજુમાં તપાસ કરવા નીકળી ગયેલ. ફરિયાદીને ગઈ કાલ યાને કે તા. ૨૧/૦૨/૯૨ ના રોજ તેમની નજીકમાં રહેતી ચંન્દ્રીકા તથા તેના મા સોનુબેનને પુછપરછ કરેલી તો પ્રથમ તેઓ કોઈ જવાબ આપેલ નહી અને ફરિયાદી તેમના ઘરે જતાં પાછળથી ચંન્દ્રીકા ફરિયાદી પે। આવી વાત કરેલ કે તમારી છોકરી રાધાને પાલનપુર હાઈવે પર આવેલ રાજધાની હોટલમાં કામ કરતો રાજુ

નામનો છોકરો ભગાડી લઇ ગયેલ છે. જેથી ફરિયાદી તરતજ રાજધાની હોટલમાં તપાસ કરી તો આ રાજુ નામનો માણસ જેના બાપનુ નામ જાણવા મળેલ નથી તે તા. ૨૨/૦૨/૯૨ ના રોજથી હોટલ પર આવેલ નથી તેવુ જાણવા મળેલ. આથી આ રાજુ નામના માણસે ફરિયાદીની છોકરી રાધા ઉ.વ. ૧૭ ૫ માસ ની ને ફોસલાવી લલચાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઇ ગયેલ હોય તેના વિરૂધ્ધ કાયદેસર થવા ફરિયાદીએ પાલનપુર સીટી પો.સ્ટે. ના પી.એસ.ઓ. રૂબરૂ પોતાની ફરિયાદ હકીકત જાહેર કરેલ.

(૩) ત્યાર બાદ પી.એઇ.ઓ. પાલનપુર સીટી પો.સ્ટે. નાઓએ ફરિયાદીની ફરિયાદ આધારે આરોપી વિરૂધ્ધ પાલનપુર સીટી પો .સ્ટે. ફસ્ટ ગુના રજી. નં. ૫૧/૯૨ થી ઇ.પી.કોડની કલમ ૩૬૩,૩૬૬ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ત.ક.અમલદારશ્રીને સોંપવામાં આવેલ. ત.ક.અમલદાર શ્રીએ ગુનાની તપાસ સંભાળી લઇ , સાક્ષીઓના નિવેદન નોંધેલ, બાદ ગુનાને લગતી તપાસ કરી મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલી આપેલ, ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ, આરોપી વિરૂધ્ધ પુરતાં પુરાવો હોય પાલનપુરના વિ. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરેલ, જે ક્રિમીનલ કેસ રજીસ્ટરે ૬૨૩૬/૯૨ થી તા. ૨૮/૦૯/૯૨ ના રોજ નોંધવામાં આવેલ.

(૪) ત્યાર બાદ આરોપી સામેનો ગુનો સેસન્સ ટ્રાએબલ ગુનો હોઇ વિ . ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, પાલનપુરનાઓએ આરોપીને પોલીસ

તપાસના કાગળોની નકલો આપ્યા બાદ સદર કેસ ક્રિ .પ્રો.કોડની કલમ–૨૦૯ મુજબ તા. ૮/૧૦/૯૨ ના રોજ કમીટ કરી અત્રેની સેસન્સ કોર્ટમાં મોકલી આપેલ. સદરહુ કેસ સેસન્સ કેસ રજીસ્ટરે સેસન્સ કેસ નં. ૧૦૨/૧૯૯૨ થી રજીસ્ટ્રર કરવામાં આવેલ છે . ત્યાર બાદ આ સેસન્સ કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતને ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

(૫) ત્યાર બાદ અત્રેની અદાલતે આરોપીને મારા પુરોગામી વિ . ન્યાયાધીશશ્રીએ સમન્સ કરતાં આરોપી મળી ન આવતાં તેમની સામે પકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ, તેમ છતાં આરોપી હાજર ન રહેતા ન હોય અને વારંવાર પકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેતા ન હોય મારા પુરોગામી વિ . ન્યાયાધીશશ્રીએ આંક. ૧ લગત આરોપીના રહેણાંક, જાગીર, મિલ્કત વિ.નો કોઇ પત્તો મળતો ન હોઇ આરોપી સામેનો કેસ આગળ ચાલી શકે તેમ નથી , આથી જયાંસુધી આરોપી પકડાઇ રજુ કરવામાં ન આવે ત્યાં સુધી ડોરમેન્ટ ફાઈલે રાખવાની જરૂરિયાત ઉભી થયેલ હોય આરોપી સામેનો કેસ ડોરમેન્ટ ફાઇલ ઉપર રાખવાનો અને આરોપી સામે પકડવાનું વોરંટ દર ત્રણ મહિને પોલીસને મોકલવાનો તા. ૨૪/૧૦/૨૦૦૫ ના રોજ હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ પણ આરોપી મળી આવતા ન હોય તા . ૧/૧૧/૨૦૨૧ ના રોજ હુકમ કરી આરોપી ઘણાં લાંબા સમયથી મળી ન આવતાં અને આજદિન સુધી આરોપી મળી આવેલ નથી અને સદર ડોરમેન્ટ ફાઇલ દર ત્રણ મહિને બોર્ડમાં મુકવામાં આવે છે તેમ છતાં

આગળ કોઇ કાર્યવાહી થઇ શકેલ નથી તે સંજોગોમાં સદર કેસમાં યોગ્ય હુકમ કરવા સારૂ આ ફાઇલ ડોરમેન્ટમાંથી નીયમીત બોર્ડમાં મુકવાનો હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ આરોપી ઘણાં લાંબા સમયથી મળી ન આવતાં તેમની વિરૂધ્ધ પકડ વોરંટ કાઢવામાં આવેલ અને જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ . તે તમામ સંજોગોમાં નજીકના ભવિષ્યમાં આરોપીના મળી આવવાની કોઇ શકયતા જણાતી નથી અને તેઓ નાસી ભાગી ગયેલ હોવાનું હાલના તબકકે જણાઇ આવે છે . સદર કેસ ઘણો જુનો સને ૧૯૯૨ ની સાલનો હોઈ તેથી ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૯૯ ની જોગવાઈ મુજબ આરોપીની ગેરહાજરીમાં સાહેદોને સમન્સ કરી તપાસવાનો તા. ૧/૧૧/૨૦૨૧ ના રોજ હુકમ કરવામાં આવેલ.

(૬) ત્યાર બાદ આ કામના સાહેદોને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે . જે સમન્સ આ કામે આંક. ૮ થી ૨૭ સુધીના રજુ થયેલ છે જે ધ્યાને લેતાં સમન્સમાં જણાવેલ સરનામે તથા આજુબાજુમાં ખાત્રી તપાસ કરતાં સદરે ઈસમ મળી આવેલ ન હોઇ જેથી બજવણી થયેલ નથી તેવા શેરા સાથે પરત આવેલ છે. સાહેદ સંજયકુમાર માનચંદભાઇ દોસીના સમન્સ પાછળ આવેલ શેરો ધ્યાને લેતાં ભરતભાઇ મણીલાલ પંચાલનો જવાબ સાથે રજું થયેલ છે અને જેમાં જણાવ્યા મુજબ સંજયકુમાર માનચંદ દોશી વાળા વિશે પુછતાં આવા નામ વાળા કોઈ માણસ તેમની કોલોનીમાં કોઇ રહેતા નથી અને તેઓ તેને ઓળખતા પણ નથી તેવુ જણાવેલ છે. સાહેદ ઝવેરભાઇ પાનાજી મીણાના સમન્સ પાછળનો શેરો જોતાં સદરહું ઝવેરભાઇ નુ વર્ષા જુનુ તુટેલુ મકાન બંધ હાલતમાં હોય

અને તે કયાં છે તે મળી આવેલ ન હોવાનો શેરો મારેલ છે . સાહેદ લક્ષ્મીબેન અસાનંદ બ્રહમક્ષત્રિય ના સમન્સ પાછળનો શેરો જોતાં તપાસ કરતાં આવુ કોઈ સરનામુ મળી આવેલ ન હોવાનુ જણાવેલ છે . આમ સાહેદો મળી આવેલ ન હોય તેમજ જણાવેલ સરનામે રહેતા ન હોય અને હાલ કયાં રહે છે તે અંગે પણ કોઈ જાણકારી ન હોવાના શેરા સાથે સાહેદોના સમન્સ પરત આવેલ છે. આંક. ૨૪ નો સમન્સ જોતાં સાહેદ સતિષકુમાર પારસરામ સીંધી તાન. ૨૯/૦૬/૨૦૧૯ ના રોજ મરણ ગયેલ હોવાનુ મરણનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે . તેજ રીતે આંક. ૨૫ નો સમન્સ જોતાં સાહેદ હેતીબેનબાબુજી ઠાકોર નાઓ પણ મરણ ગયેલ હોવાનો પોલીસે તેમના પુત્રી મંજુલાબેન બાબુજી ઠાકોરનો લીધેલ જવાબ ઉપરથી જણાય આવે છે. આમ હાલના કેસના સાહેદોને સમન્સ કાઢવા છતાં કોઈ સાહેદોને સમન્સની બજવણી થયેલ નથી અને સાહેદો જણાવેલ સરનામે મળી આવેલ નથી અને હાલમાં કયાં રહે છે તે પણ જણાય આવતુ નથી . ત્યાર બાદ વિ. એ.પી.પી. શ્રી ડી.કે. પુરોહીતે આંક. ૨૯ થી પુરસીસ રજુ કરી સાહેદો સદર ગુના બાદ અન્ય જગ્યાએ રહેતા હોઈ તથા તેઓના સરનામા મળી આવતા ન હોઈ તેમજ સદરે કેશ ખુબજ જુનો હોઈ સદરે સાહેદોને પુરાવામાંથી ડ્રોપ કરતા હોવાની પુરસીસ રજુ કરેલ છે.

(૭) આમ ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરિયાદી કે સાહેદોને આ કામે તપાસી શકેલ ન હોય , તેમજ આરોપી સામેનો કેસ ઘણો જુનો સને ૧૯૯૨ ની સાલનો હોય અને સાહેદો તેમજ ફરિયાદીને

સમન્સ કરવા છતાં મળી આવતા ન હોય એ.પી.પી. શ્રીએ પુરસીસ રજુ કરી સાહેદોને ડ્રોપ કરેલ હોય, આરોપી સામે ફરિયાદ પક્ષ સાક્ષીઓ તપાસી પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

- આ કામે ફરિયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ પુરાવો રજુ ન કરી શકવાના કારણે આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ - ૨૩૫(૧) મુજબ ઇ.પી.કોડની કલમ ૩૬૩,૩૬૬ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા. ૭ મી જાન્યુઆરી સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

પાલનપુર.
તા. ૦૭/૦૧/૨૦૨૨

(આર.પી. મોગેરા)
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ,
બનાસકાંઠા - પાલનપુર.
(કોડ નં. જી.જે. ૧૫૩૯)

//Raval//